Extra No. 172

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, JULY 7, 2026 / ASHADHA 16, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઇ, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તારીખઃ ૧૭મી જૂન, ૨૦૨૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/એસએચ/૨૪/ઇડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૫/૭૨૨૫/ખ.- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Physical Training Instructor, Class III, in the Subordinate Services, in the Government Colleges, under the Commissionerate of Higher Education Recruitment Rules, 2026

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી હેઠળની સરકારી કોલેજોમાં, તાબાની સેવામાં, ફિઝિકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર (Physical Training Instructor), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી

જાહેરનામું

શિક્ષણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જી/એસએચ/૨૪/ઈડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૩/૨૦૨૫/૭૨૨૫/ખ:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી હેઠળની સરકારી કોલેજોમાં, તાબાની સેવામાં, ફિઝિકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર (Physical Training Instructor), વર્ગ ૩ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી હેઠળની, સરકારી કોલેજોમાં, તાબાની સેવામાં, ફિઝિકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર (Physical Training Instructor), વર્ગ ૩, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી હેઠળની સરકારી કોલેજોમાં, તાબાની સેવામાં, ફિઝિકલ ટ્રેનિંગ ઈન્સ્ટ્રક્ટર (Physical Training Instructor), વર્ગ ૩ની જગા પરની નિમણૂક, સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ ૨-માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષ કરતાં વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે;

(ખ) (૧) (ક) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાઓમાંથી ૫૫% ગુણ સાથે મેળવેલી ફિઝિકલ એજ્યુકેશન (શારીરિક શિક્ષણ)માં અનુ-સ્નાતકની પદવી અથવા સ્પોર્ટસ સાયન્સ (રમત-ગમત વિજ્ઞાન) માં મેળવેલી અનુ-સ્નાતકની પદવી અથવા પોઈન્ટ સ્કેલમાં તેને સમકક્ષ ગ્રેડ સ્કેલ ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ખ) આંતર-યુનિવર્સિટી/આંતર-કોલેજ સ્પર્ધાઓ અથવા રાજ્ય અને/અથવા રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં યુનિવર્સિટી/કોલેજનું પ્રતિનિધિત્વ કરવાનો રેકોર્ડ ધરાવતો હોવો જોઈશે;

(ગ) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા માન્ય અન્ય કોઈ એજન્સી દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી રાષ્ટ્રીય પાત્રતા કસોટી (NET)/રાજ્ય કક્ષાની પાત્રતા કસોટી/રાજ્ય પાત્રતા કસોટીમાં લાયક ઠરેલ હોય; અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (પીએચ.ડી. પદવી આપવા માટેના લઘુતમ ધોરણો અને કાર્યરીતિ) વિનિયમો, ૨૦૨૨ અનુસાર જેમને ફિઝિકલ એજ્યુકેશન (શારીરિક શિક્ષણ)માં અથવા ફિઝિકલ એજ્યુકેશન અંને સ્પોર્ટસ (રમતગમત) અથવા સ્પોર્ટસ સાયન્સ (રમતગમત વિજ્ઞાન) માં પીએચ.ડી.ની પદવી આપવામાં આવી હોય અથવા મેળવી હોય:

પરંતુ ૧૧મી જુલાઈ, ૨૦૦૯ પહેલાં પીએચ. ડી.ની પદવી માટે નોંધણી કરાવેલ હોય તે ઉમેદવારને, તે પદવી આપતી સંસ્થાઓના તત્સમયે વિદ્યમાન અધ્યાદેશો/પેટા-કાયદા/વિનિયમનોની જોગવાઈઓ લાગુ પડશે અને આવી પીએચ.ડી.(ની પદવી) ધરાવતા ઉમેદવારોને, સંબંધિત યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અથવા ડીન

(શૈક્ષણિક બાબતો) દ્વારા પ્રમાણિત કરવામાં આવે કે ઉમેદવાર નીચેની શરતો પરિપૂર્ણ કરી છે તેને અધીન નેટ/સ્લેટ/સેટની જરૂરિયાતમાંથી મુક્તિ આપવામાં આવશે:-

(૧) ઉમેદવારને પીએચ.ડી. પદવી નિયમિત રીતે આપવામાં આવી છે;

(૨) પીએચ.ડી. મહાનિબંધ (થીસિસ)નું બહારના ઓછામાં ઓછા બે પરીક્ષકો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું છે;

(૩) ઉમેદવારની ઓપન પીએચ.ડી. મૌખિક પરીક્ષા (વાઈવા વોસિ) આવી છે;

(૪) ઉમેદવારે તેના પીએચ.ડી. કાર્યમાંથી બે સંશોધન લેખો પ્રકાશિત કર્યા છે, જેમાંથી ઓછામાં ઓછો એક સંદર્ભ જર્નલમાં છે; અને

(૫) ઉમેદવારે તેના પીએચ.ડી. કાર્ય પર આધારિત ઓછામાં ઓછા બે સંશોધન લેખો કોન્ફરન્સ/સેમિનારમાં રજૂ કર્યા છેઃ

વધુમાં, યુજીસી, સીએસઆઈઆર દ્વારા નેટ/સ્લેટ/સેટ અથવા યુજીસી દ્વારા માન્યતા પ્રાપ્ત સ્લેટ/સેટ જેવી સમકક્ષ કસોટી યોજવામાં આવતી ન હોય તેવી વિદ્યાશાખામાં તેવા માસ્ટર્સ પ્રોગ્રામ માટે નેટ/સ્લેટ/સેટ-ની પણ જરૂર રહેશે નહિ; અને

(ઘ) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુનિવર્સિટીઓ અને કોલેજોમાં શિક્ષકો અને અન્ય શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂક માટેની લઘુતમ લાયકાત અને ઉચ્ચ શિક્ષણમાં ધોરણોની જાળવણી માટે અન્ય પગલાં બાબત) વિનિયમો, ૨૦૧૮ અનુસાર યોજેલી શારીરિક યોગ્યતા કસોટી પાસ કરી હોય; અથવા

(૨) એશિયન ગેમ્સ અથવા કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ વિજેતા, જે ઓછામાં ઓછી અનુ-સ્નાતક કક્ષાની પદવી ધરાવતો હોય;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારના સંબંધમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯ક-ની જોગવાઈઓ લાગુ પડશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આશિષ ચૌધરી,

સરકારના ઉપસચિવ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.07.24 21:04:57 IST